જા.ન./પગર/૨૦૨૫/ 11184

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Mail: suratdeo@gmail.com
તા. 17/૦૯/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓ
સુરત, જિલ્લો-સુરત

**વિષય :- આપની શાળાના કર્મચારીના બાકી નાણાંકીય લાભો બાબત.**
**સંદર્ભ :- પગાર ડેટા કેમ્પમાં આપે રજૂ કરેલ પ્રમાણપત્ર અન્વયે.**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરી દ્વારા માહે સપ્ટેમ્બર-૨૦૨૫નાં પગાર ડેટા કેમ્પમાં આપની શાળાના તમામ કર્મચારીઓના કોઈ નાણાંકીય લાભો બાકી છે કે કેમ તે સબબનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરવામાં જણાવેલ હતું જે અંતર્ગત આપના દ્વારા આ પ્રમાણપત્ર કેમ્પમાં રજૂ કરેલ હતા જેમાં કેટલીક શાળાઓનાં કર્મચારીઓના નાણાંકીય લાભો જેમ કે, ઉ.પ.ધો. તફાવત, પગાર તફાવત, રજા પ્રવાસ રાહત, તબીબી સહાય, ઈજાફા તફાવત કે અન્ય એરીયર્સ વગેરે ચૂકવવાના બાકી છે તેવું જણાવેલ છે. જે અન્વયે આપની કક્ષાએથી લાભો ચૂકવવાના બાકી હોય તેવા કર્મચારીઓની તાત્કાલિક કાર્યવાહી કરી તેના જરૂરી દરખાસ્ત/બીલો અત્રેની કચેરીને સત્વરે રજૂ કરવા તમામ તાકીદ કરવામાં આવે છે.

વધુમાં ઉક્ત બાબતે જો કોઈ શાળાને કોઈપણ પ્રકારના પ્રશ્ન કે મુશ્કેલી હોઈ તો કચેરીના વહીવટી અધિકારીશ્રી, હિસાબી અધિકારીશ્રી કે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને રૂબરૂમાં રજૂઆત કરવા જણાવવામાં આવે છે. પરંતુ કોઈ કારણોસર આપની શાળાના કોઈપણ કર્મચારીનાં નાણાંકીય લાભો ચૂકવવાના બાકી ન રહે તેની ગંભીરતા લઈ પૂરતી તકેદારી રાખવા જણાવાવમાં આવે છે તેમ છતાં જો કોઈ આવી બાબત ધ્યાને આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાની અને આચાર્યની અંગત રહેશે અને તે અનુસંધાને આગળની નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**નોંધ : ઉક્ત બાબતની રીવ્યુ બેઠકનું આયોજન નજીકના સમયમાં કરવાનું હોવાથી તમામ આચાર્યશ્રીએ ગંભીરતા લઈ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.**

* દરખાસ્તો સપ્ટેમ્બર માસમાં રજુ કરવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત